સ્ટેમ્પ રૂ.__________/-

## વેચાણ દસ્તાવેજ

---

રજી. ડિસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડિસ્ટ્રીક્ટ અમદાવાદ-૧૨ (નિકોલ)ના અસારવા તાલુકાના મોજે નિકોલની સીમના સર્વે નં. ૫૩૦/૧ તથા ૫૩૨/૧ બંનેની મળી કુલ આશરે ૫૪૬૩ ચો.મી. જમીનમાંથી ૨૧૮૫ ચો.મી. જમીન ટી.પી.કપાતમાં જતા બાકી રહેતી જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમ નં. ૧૧૯ (નિકોલ) માં થતાં ફાળવવામાં આવેલ ફા.પ્લોટ નં. ૭૧/૧+૭૩ ની ૩૨૭૮ ચો.મી. રહેણાંક તથા વાણિજ્ય હેતુ માટેની બીનખેતી થયેલ જમીન ઉપર બાંધવામાં આવેલ "ગીરીરાજ એન્કલેવ" એ નામની યોજનાના ...... બ્લોકનાં ......... માળે આવેલ ફ્લેટ/દુકાન નં. ________ વાળી મિલકતનો વેચાણનો દસ્તાવેજ રૂ.______/- અંકે રૂપિયા ______________ પુરાનો.

---

<u>લખી આપનાર</u> :- (૧) ત્રિભોવનભાઈ શામજીભાઈ,
ઉં.આ.વ: પુખ્ત, ધંધો: વેપાર, ધર્મ: હિન્દુ,
**PAN NO. AEHPP7110H**
(૨) દમયંતીબેન ત્રિભોવનભાઈ પટેલ(નસીત),
ઉં.આ.વ: પુખ્ત, ધંધો: વેપાર, ધર્મ: હિન્દુ,
**PAN NO. AEHPP4274Q**
બંને રહેવાસી : ૩૩, દેવ નિવાસ, પુનીત આશ્રમ પાસે, એલ.જી. હોસ્પિટલ કોર્નર, મણીનગર, અમદાવાદ.
(૩) સુધીર હિમતભાઈ નસીત,
ઉં.આ.વ: પુખ્ત, ધંધો: વેપાર, ધર્મ: હિન્દુ,
રહેવાસી: ૩૦૧, અરહમ એપાર્ટમેન્ટ, જગાભાઈ પાર્ક, મણીનગર, અમદાવાદ.
**PAN NO. AEWPN9087Q**
(૪) હર્ષ ત્રિભોવનભાઈ નસીત,
ઉં.આ.વ: પુખ્ત, ધંધો: વેપાર, ધર્મ: હિન્દુ,
રહેવાસી: ૩૩, દેવ નિવાસ, પુનીત આશ્રમ પાસે, એલ.જી. હોસ્પિટલ કોર્નર, મણીનગર, અમદાવાદ.
**PAN NO. ASZPN6212G**

"જેમને હવે પછી આ દસ્તાવેજમાં "અમો" "લખી આપનાર" એ રીતે સંબોધવામાં આવેલ છે જેના અર્થમાં લખી આપનાર અને તેમના વંશ, વાલી, વારસો, સકસેસરો, એસાઈનીઓ, ટ્રાન્સફરીઓ, એટર્નીઓ વિગેરે તમામનો સમાવેશ થાય છે.

<u>કન્ફર્મીંગ પાર્ટી</u> :- ગીરીરાજ લેન્ડ ડેવલપર્સ, **PAN NO. AANFG0261A**
એ નામની ભાગીદારી પેઢી કે જેની ઓફીસ: ગીરીરાજ એન્કલેવ, નિકોલ ગામ, અમદાવાદ મુકામે આવેલી છે. તેના વતી તેના વહીવટકર્તા ભાગીદારશ્રી હર્ષ ત્રિભોવનભાઈ નસીત,
ઉં.આ.વ: પુખ્ત, ધંધો: વેપાર, ધર્મ: હિન્દુ,
રહેવાસી: ૩૩, દેવ નિવાસ, પુનીત આશ્રમ પાસે, એલ.જી. હોસ્પિટલ કોર્નર, મણીનગર, અમદાવાદ.

જેમને હવે પછી આ દસ્તાવેજમાં "કન્ફર્મીંગ પાર્ટી" એ રીતે સંબોધવામાં આવેલ છે. જેના અર્થમાં કન્ફર્મીંગ પાર્ટી સદરહુ ભાગીદારી પેઢી તેમજ

તેમના હાલના તેમજ વખતો વખતના ભાગીદારો અને તેના વંશ, વાલી, વારસો, એડમીનીસ્ટેટરો, સકસેસરો, એસાઈનીઓ, ટ્રાન્સફરીઓ, એટર્નીઓ વિગેરે તમામનો સમાવેશ થાય છે.

લખાવી લેનાર :- ________________________,

ઉ.આ.વ.: ____, ધર્મ: હિન્દુ, ધંધો: ______,

રહેવાસી:-

PAN NO. ____________.

"જેમને હવે પછી આ દસ્તાવેજમાં "તમો" "લખાવી લેનાર" એ રીતે સંબોધવામાં આવેલ છે જેના અર્થમાં લખાવી લેનાર અને તેમના વંશ, વાલી, વારસો, સકસેસરો, એસાઈનીઓ, એચ.યુ.એફ. ના સભ્યો વિગેરે તમામનો સમાવેશ થાય છે."

રજી. ડિસ્ટ્રીકટ અમદાવાદ સબ ડિસ્ટ્રીકટ અમદાવાદ-૧૨ (નિકોલ)ના અસારવા તાલુકાના મોજે નિકોલની સીમના સર્વે નં. ૫૩૦/૧ તથા ૫૩૨/૧ બંનેની મળી કુલ આશરે ૫૪૬૩ ચો.મી. જમીનમાંથી ૨૧૮૫ ચો.મી. જમીન ટી.પી.કપાતમાં જતા બાકી રહેતી જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમ નં. ૧૧૯ (નિકોલ) માં થતાં ફાળવવામાં આવેલ ફા.પ્લોટ નં. ૭૧/૧+૭૩ ની ૩૨૭૮ ચો.મી. રહેણાંક તથા વાણિજ્ય હેતુ માટેની બીનખેતી થયેલ જમીન ઉપર બાંધવામાં આવેલ **"ગીરીરાજ એન્કલેવ"** એ નામની યોજનાના ...... બ્લોકનાં ......... માળે આવેલ ફ્લેટ/દુકાન નં. ________ વાળી મિલકત આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપીએ છીએ.

મોજે નિકોલની સીમના સર્વે નં. ૫૩૦/૧ તથા ૫૩૨/૧ બંનેની મળી કુલ આશરે ૫૪૬૩ ચો.મી. જમીનમાંથી ૨૧૮૫ ચો.મી. જમીન ટી.પી.કપાતમાં જતા બાકી રહેતી જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમ નં. ૧૧૯ (નિકોલ) માં થતાં ફાળવવામાં આવેલ ફા.પ્લોટ નં. ૭૧/૧+૭૩ ની ૩૨૭૮ ચો.મી. બીનખેતી થયેલ જમીન તે અમો લખી આપનારની સંયુકત માલીકીની આવેલ છે અને તે સરકારી રેકર્ડમાં અમારા નામે ચાલતી આવેલ છે. જે જમીનને હવે પછીથી આ બાનાખતમાં **"સદરહુ સમગ્ર જમીન"** અગર મજકુર જમીન તરીકે સંબોધવામાં આવેલ છે. અને તેના ચાર ખુંટની વિગત નીચે મુજબ છે.

પુર્વે :- ટી.પી.સ્કીમનો રોડ.

પશ્ચિમે :- ખુલ્લી જગ્યા.

ઉત્તરે :- ટી.પી.સ્કીમનો રોડ.
દક્ષીણે :- કે.પી.રેસીડેન્સી.

મોજે નિકોલની સીમના સર્વે નં. ૫૩૦/૧ તથા ૫૩૨/૧ બંનેની મળી કુલ આશરે ૫૪૬૩ ચો.મી. જમીનમાંથી ૨૧૮૫ ચો.મી. જમીન ટી.પી.કપાતમાં જતા બાકી રહેતી જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમ નં. ૧૧૯ (નિકોલ) માં થતાં ફાળવવામાં આવેલ ફા.પ્લોટ નં. ૭૧/૧+૭૩ ની ૩૨૭૮ ચો.મી. બીનખેતી થયેલ જમીન રહેણાંક તથા વાણિજ્યના હેતુના બીનખેતીનો ઉપયોગ કરવા સારૂ અમદાવાદ જીલ્લા કલેકટર કચેરીમાં અરજી કરતા તેમના તા.૧૭-૦૨-૨૦૧૧ ના રોજના હુકમ નં.સીબી/લેન્ડ-૧/એન.એ./એસ.આર-૧૨૨૬/૨૦૧૦ થી સદર જમીન બીનખેતીના ઉપયોગની થયેલ છે. તેમજ સદર જમીન ઉપર રહેણાંક તથા વાણિજ્ય હેતુના યુનિટો બનાવવા માટે અમ.મ્યુ.કોર્પોરેશનમાં રજાચિઠ્ઠી નં. ૩૫૩૫૦/૧૫૦૫૧૩/બી૬૭૩૨/આર૦/એમ૧ તથા રજાચિઠ્ઠી નં. ૩૫૩૫૧/૧૫૦૫૧૩/બી૬૭૩૪/આર૦/એમ૧ થી તા. ૨૯-૦૫-૨૦૧૫ ના રોજ પ્લાન મંજુર કરાવેલ છે.

સદરહુ જમીનંમાં અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન પાસેથી મંજુર કરાવેલ પ્લાનો મુજબ યુનિટોના બાંધકામની યોજના અમો લખી આપનારએ તૈયાર કરેલ અને સદર યોજનાને **"ગીરીરાજ એન્કલેવ"** નામ આપેલ છે. અને સદર મંજુર પ્લાનો મુજબ તમામ ડેવલપમેન્ટનું કાર્ય કન્ફર્મીંગ પાર્ટી ગીરીરાજ લેન્ડ ડેવલપર્સ એ નામની પેઢી પાસે કરાવેલ છે. અને તે મુજબ સદર ગીરીરાજ લેન્ડ ડેવલપર્સ એ નામની પેઢીને આ દસ્તાવેજમાં કન્ફરમીંગ પાર્ટી તરીકે સામેલ કરેલ છે અને તે અંગેનો એક ડેવલપમેન્ટ કરાર તા. ૧૧-૦૭-૨૦૧૪ ના રોજ નોટરી કરાવેલ અને તે અંગે સદરહુ જમીનની જંત્રી મુજબ થતી કિંમતની એક ટકો સ્ટેમ્પ ડ્યુટી મે.નાયબ કલેકટર સાહેબશ્રી, સ્ટેમ્પ ડ્યુટી મુલ્યાંકન તંત્ર વિ-૧ ના તા. ૦૯-૦૩-૨૦૧૬ ના રોજના હુકમ મુજબ રૂ. ૧,૪૭,૫૧૦/- અંકે રૂપિયા એક લાખ સુડતાલીસ હજાર પાંચસો દસ પુરા ભરપાઈ કરેલ છે. અને તમો લખાવી લેનારને સદર ૩૨૭૮ સ.ચો.મી. જમીન પૈકી વગર વહેંચાયેલ (કોમન સીડી, કોમન સ્પેશ, કોમન પાર્કીંગ, કોમન પલોટ, કોમન રોડ-રસ્તા સહિતના વરાડે પડતા હિસ્સાની વગર વહેંચાયેલ જમીન સહિત) હિસ્સાની આશરે _____ સ.ચો.મી. જમીનના માલીકી હકકો સહીત વેચાણ આપેલ છે અને તમોને વેચાણ આપેલ વગર વહેંચાયેલ જમીનમાં મંજુર કરેલ પ્લાનો મુજબ બાંધકામ કરાવેલ **"ગીરીરાજ એન્કલેવ"** યોજનામાં આવેલ ફ્લેટો/દુકાનો પૈકી મંજુર થયેલ પ્લાન મુજબ _-બ્લોકના _____ માળ ના **ફલેટ નં.** _______ જે આશરે _____ **ચો.મી.** બીલ્ટઅપ ક્ષેત્રફળના બાંધકામ વાળો ફલેટ વેચાણ આપેલ છે. જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં **"મજકુર**

મિલકત" એ રીતે સંબોધવામાં આવેલ છે તેના નંબર અને માપની વિગત આ દસ્તાવેજમાં પરિશીષ્ટમાં દર્શાવેલ છે.

મજકુર મિલકતના નંબર માપ અને ખૂંટ ચારની વિગત.

પ રી શી ષ્ટ

રજી. ડિસ્ટ્રીકટ અમદાવાદ સબ ડિસ્ટ્રીકટ અમદાવાદ-૧૨ (નિકોલ)ના અસારવા તાલુકાના મોજે નિકોલની સીમના સર્વે નં. ૫૩૦/૧ તથા ૫૩૨/૧ બંનેની મળી કુલ આશરે ૫૪૬૩ ચો.મી. જમીનમાંથી ૨૧૮૫ ચો.મી. જમીન ટી.પી.કપાતમાં જતા બાકી રહેતી જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમ નં. ૧૧૯ (નિકોલ) માં થતાં ફાળવવામાં આવેલ ફા.પ્લોટ નં. ૭૧/૧+૭૩ ની ૩૨૭૮ ચો.મી. બીનખેતી થયેલ જમીન ઉપર બાંધવામાં આવેલ "ગીરીરાજ એન્કલેવ" એ નામની યોજનાના ફ્લેટો/દુકાન પૈકી મંજુર થયેલ પ્લાન મુજબ ___-બ્લોકના ___માળના ફ્લેટ નં.___ જે આશરે ___સં.ચો.મી. બીલ્ટઅપ ક્ષેત્રફળના બાંધકામ વાળી મિલકત તથા તેને આનુસંગીક કુલ જમીનમાં વગર વહેચાયેલ (કોમન સીડી, કોમન સ્પેશ, કોમન પાર્કીંગ, કોમન પ્લોટ, કોમન રોડ-રસ્તા સહિતના વરાડે પડતા હિસ્સાની વગર વહેચાયેલ જમીન સહિત) હિસ્સાની આશરે ___સં.ચો.મી. જમીન સહીત વેચાણ કરેલ છે.

મજકુર મિલકતના ખૂંટ ચારની વિગત :-

પુર્વે :-

પશ્ચિમે :-

ઉત્તરે :-

દક્ષીણે :-

આ વેચાણ દસ્તાવેજથી પરિશીષ્ટમાં દર્શાવેલ નંબરો માપ વાળી મજકુર મિલકત તેમજ તેમાં આવેલ તમામ ખંડો, રૂમો, સંડાસ, બાથરૂમ, લેટ્રીન બાલ્કની વિગેરે તેમજ તેમાં આવેલ ઈલેકટ્રીક ફીટીંગ અને નળ-ગટરના જોડાણ સહીત તેમજ સદર ગીરીરાજ એન્કલેવ યોજનામાં મુકેલ કોમન સીડી, પેસેઝ, પાર્કીંગ વિગેરેના વરાડે પડતા વાપરવાના હકકો સહીત તેમજ મજકુર મિલકતમાંથી મેઈન રોડ ઉપર જવા આવવાના ચાલ નિકાલના રસ્તાના તમામ હકકો સહિત તેમજ બીજા જે જે કાયદેસરના હકકો મળતા હોય તે તમામ હકકો સહિત તેમજ મિલકતના માલિકી હકકો સહીતની મજકુર મિલકતની નકકી કરેલ કુલ કિંમત રૂા.______/- અંકે રૂપિયા ______ પુરા નીચે જણાવેલ અવેજની વિગતે તમો લખાવી લેનાર પાસેથી અમો લખી આપનાર તથા કન્ફર્મીંગ પાર્ટીએ લઈને મજકુર

મિલકત વેચાણ આપેલ છે. તેથી હવેથી તમો લખાવી લેનાર મજકુર મિલકતના માલીક અને કબજેદાર ભોગવટેદાર થયા છો.

<u>મજકુર મિલકતની નકકી કરેલ કિંમતના નાણાં પહોચ્યાની વિગત</u> :-

---------------------------

રૂા.____________/- અંકે રૂપિયા ________________________ પુરા ઉપરની વિગતે તમો લખાવી લેનારે અમો લખી આપનાર તથા કન્ફર્મીંગ પાર્ટી પાસે જમા કરાવેલ છે મજકુર મિલકતની નકકી કરેલ કિંમતના નાણાં ચૂકતે મળી ગયેલ છે તેની પહોંચ આથી અમો કબુલ કરીએ છીએ.

<u>વેચાણ લેનાર કબુલ રાખે છે કે....</u>

સદર **ગીરીરાજ એન્કલેવ** નામની યોજનામાં આવેલ કોમન મિલકતનો પ્રત્યક્ષ કબજો તમો લખાવી લેનારને સોંપવામાં આવેલો નથી. પરંતુ તેનો બીજા સહ યુનિટ ધારકો સાથેનો વપરાશી હક્ક તમો લખાવી લેનારને આપેલો છે.

મજકુર મિલકત ઉપર હવેથી અમો લખી આપનાર નો કે અમારા વંશ, વાલી, વારસોનો કે અમારા હાલના તથા વખતો વખતના વહીવટ કર્તાઓ, હોદ્દેદારો વિગેરે કોઈનો કોઈપણ જાતનો લાગ, ભાગ, હકક, હિસ્સો કે હિત સબંધ રહ્યો નથી.

અમો વેચાણ આપનાર તમો વેચાણ લેનારને આ વેચાણ દસ્તાવેજથી લખી આપીએ છીએ કે મજકુર વગર વહેંચાયલ ભાગની જમીન કે જેની વહેંચણી કયારેય અલગ ન થઈ શકે તે જમીનમાંના તથા તેના વરાડે પડતા મંજુર થયેલ પ્લાનના આધારે કરવામાં આવેલ બાંધકામ વાળી મિલકતના અસલ હદ હક્કો અને ચાલ નિકાલના હકક હીત.સંબંધ સહીત મજકુર મિલકત આ દસ્તાવેજથી તમો લખાવી લેનારને કુલ અખત્યાર ન દાવે અઘાટ વેચાણ આપેલ છે.

મજકુર મિલકત માલીકી ધોરણે તમો લખાવી લેનાર તથા તમારા પુત્ર પુત્રાદિક વંશ, વાલી, વારસો ઈત્યાદી ચાંદો સુરજ તપે ત્યાં સુધી વાપરો ભોગવો તથા તમો લખાવી લેનારને વેચાણ આપેલ મજકુર મિલકત તે તમો લખાવી લેનાર સરકારશ્રીના હાલના તેમજ વખતો વખતના ધારા ધોરણ અનુસાર તમો વાપરો, વેચો, સાટો, ગીરો કે બક્ષીસ આપો અને અગર તમો તમારૂ દિલ ચાહે તેમ કરવાને હકકદાર છો.

મજકુર મિલકત અંગેના સરકારી અર્ધ સરકારી કે જે કોઈ સ્થાનિક સંસ્થાઓના ટેક્ષ, વેરા, ધારા, લાગા, મહેસુલ વિગેરે જે કાંઈ બાકી હોય તે કબજો સોપ્યા સુધીના અમો લખી આપનારે ભરપાઈ કરેલ છે. તેમ છતાં કબજો સોપ્યા પહેલાનું કાંઈ બાકી હશે તો તે અમારે ભરવાનુ છે. અને કબજો સોપ્યા પછીની તેવી જે રકમ ભરવાની આવે તે તમો લખાવી લેનારે ભરવાની છે.

<u>વેચાણ આપનાર જણાવેલુ તથા વેચાણ લેનાર સંમત થાય છે કે....</u>

મજકુર મિલકત સરકારી અર્ધ સરકારી સહિત અન્ય હર કોઈ સ્થાનિક સંસ્થાઓ, અમ.મ્યુ.કોર્પોરેશન, નિકોલ ગ્રામ પંચાયત, રેવન્યુ રેકર્ડ વિગેરેના રેકર્ડમાં તમો લખાવી લેનાર તમારા નામ ઉપર તમારા ખર્ચે ટ્રાન્સફર કરી કરાવી લેવા હકકદાર છો તે માટે અમો લખી આપનારની જયાં જયાં સહીઓ, અરજીઓ, જવાબો, કબુલાતો વિગેરેની જરૂર પડે ત્યાં તે આપવા આથી અમો બંધાયેલા છીએ.

મજકુર મિલકત માલીકી ધોરણે વેચાણ કરવામાં આવેલ છે, જેથી સદર ગીરીરાજ એન્કલેવના સહીયારા સ્થાપનોની જાળવણી સાચવણી તથા સદર યોજનાના સંબંધિત નીતી નિયમો બનાવેલ હોય તે નીતી નિયમોનુ પાલન દરેક સભાસદો તથા તમો લખાવી લેનારે ફરજીયાત કરવાનુ છે અને વરાડે આવતા વહીવટી ફાળા વખતો વખત ભરવાના છે.

મજકુર મિલકત ગીરીરાજ એન્કલેવ નામની યોજનામાં આવેલ છે. અને તેના સારા વહીવટ તથા મેઈન્ટેનન્સ માટે કોઈ ટ્રસ્ટ કે સહકારી મંડળીનું રજીસ્ટ્રેશન કરવામાં આવે તો તેમાં તમો લખાવી લેનારે તેના સભ્ય થવુ ફરજીયાત છે અને રહેશે અને તે માટે જે નીતી નિયમો બનાવેલ હોય તે નીતી નિયમોનુ પાલન ગીરીરાજ એન્કલેવના તમો લખાવી લેનાર સહિત દરેક સભાસદોએ ફરજીયાત પાલન કરવાનુ છે અને રહેશે તેમજ કોમન મેઈન્ટેનન્સ માટે જે કાંઈ રકમ નકકી કરવામાં આવે તે તમો લખાવી લેનારે નિયમિત રીતે ભરવાની રહેશે તેવી સ્પષ્ટતા કરવામાં આવે છે. અને જો તમો લખાવી લેનાર આવી મેઈન્ટેનન્સની રકમ ના ચુકવો તો સોસાયટી તમોને મળતો પાણી પુરવઠો બંધ કરવા તેમજ ડ્રેનેજ લાઈન બંધ કરવા હક્કદાર છે અને તે બાબતે તમોએ કોઈપણ કાયદાકીય કાર્યવાહી કરવાની નથી અને જો તમો કોઈ કાર્યવાહી કરાવડાવો તો તે આથી રદબાતલ ગણવાની છે અને તેવી બંધ થયેલી સેવાઓ બાકી વહીવટી ફાળાની રકમ વ્યાજ સાથે ચુકવો તો જ તમો તે સેવા ભોગવવા હક્કદાર થશો તેવી સ્પષ્ટતા કરવામાં આવે છે.

લખી આપનાંરએ સદરહુ મિલકતના બાંધકામ અંગે જે પ્લાન તૈયાર કરાવેલા

છે અને જે આ દસ્તાવેજમાં આગળ જણાવ્યા પ્રમાણે અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન દ્વારા મંજુર કરવામાં આવેલ છે અને બાંધકામ માટે પરવાનગી-રજાચિઠ્ઠી આપેલ છે તે અંગેની વિગતો વેચાણ રાખનારને બતાવવામાં આવેલ છે. વધુમાં વેચાણ આપનારને ભવિષ્યમાં સદર જમીનમાં રીવાઈઝડ પ્લાન મંજુર કરાવવાના અનુસંધાને કે અન્ય કોઈપણ મંજુરી કે કાર્યવાહી માટે લખાવી લેનારની સહી/કબુલાત વિગેરેની જરૂર પડે તો તે માટે લખાવી લેનાર બંધાયેલ છે.

મજકુર બિલ્ડીંગનું બહારનું એલીવેશન કે સ્ટ્રકચરમાં તેમજ દેખાવ તેમજ કલર બગડે તેવું કોઈ કૃત્ય લખાવી લેનારે કરવા/કરાવવાનું નથી.

ઉપર પરિશિષ્ટમાં જણાવેલ સદરહુ સમગ્ર જમીન ઉપર જે ફ્લેટો તથા દુકાનોનું બાંધકામ કરવામાં આવેલ છે. તે બાંધકામ વાળી મિલકત જે યોજનામાં આવેલ છે તે યોજનાને **"ગીરીરાજ એન્કલેવ"** એ નામ આપવામાં આવેલ છે અને તે નામથી ઓળખાશે અને સદરહુ યોજનાના નામમાં ફેરફાર કરવાનો તમો લખાવી લેનારને કોઈ હક્ક કે અધિકાર નથી તેવી સ્પષ્ટતા કરવામાં આવે છે.

સદરહુ જમીન/મજકુર મિલકતમાં અમો લખી આપનાર તથા કન્ફર્મીંગ પાર્ટી સિવાય અન્ય કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીત, હિસ્સો પોષાતો નથી કે સદરહુ જમીન/મજકુર મિલકત અમોએ આ અગાઉ અન્ય કોઈને કોઈપણ પ્રકારે તબદીલ, એસાઈન, ટ્રાન્સફર કે વેચાણ, ગીરો કે બક્ષિસ આપેલ નથી કે મજકુર મિલકત ઉપર કોઈ સંસ્થા, બેન્ક, પેઢી કે વ્યકિતનો કોઈપણ પ્રકારનો નાણાકિય બોજો કે લોન નથી કે કોઈના તારણમા મુકાયેલ નથી કે મજકુર મિલકત અંગે કોઈ કોર્ટ કચેરી કે ઓફીસોમાં કોઈપણ જાતના કેસો કે પ્રોસીડિંગ્સ ચાલતા નથી કે કોઈ પ્રકારનું હુકમનામુ થયેલ નથી કે મજકુર મિલકત કોઈપણની ટાંચ જપ્તી કે અવલ જપ્તીમાં નથી તેમજ કોઈપણ જાતના એકવીઝીશન કે રીઝર્વેશન કે કપાતમાં નથી. મજકુર મિલકત આ અગાઉ કોઈપણ પ્રકારના લખાણોથી અમોએ અન્ય કોઈને લખી આપેલ નથી આ રીતે મજકુર મિલકતના તમામ રાઈટ, ટાઈટલ કલીયર, માર્કેટેબલ અને સેલેબલ છે. ઉપરની તમામ બાબતોનો પાકો વિશ્વાસ અને ભરોસો અમો લખી આપનાર તથા કન્ફર્મીંગ પાર્ટીએ તમો લખાવી લેનારને આપીને મજકુર મિલકત વેચાણ કરેલ છે અને તે અંગેનો આ વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે તેમાં અમારી સંમતી છે.

મજકુર મિલકત અમદાવાદના નિકોલ પોલીસ સ્ટેશનની હદમાં આવેલ છે. અને કલેકટરશ્રીએ બહાર પાડેલ "અશાંત વિસ્તાર" માં તેનો સમાવેશ થતો નથી

તેથી કલેકટરશ્રીની પરમીશન લેવાનો પ્રશ્ન રહેતો નથી.

મજકુર મિલકતના આ વેચાણ દસ્તાવેજમાં થતુ ખર્ચ જેવુ કે સ્ટેમ્પ, રજીસ્ટ્રેશન ફી, ટાઈપ, લખામણી, વકીલ ફી, જીએસટી, પરચુરણ વિગેરે તમામ ખર્ચ તમો લખાવી લેનાર એકલાએજ ભોગવવાનું છે.

ઉપર મુજબનો આ વેચાણ દસ્તાવેજ અમો લખી આપનારે અમારી રાજીખુશીથી, અકક્લ હોંશીયારીથી, કોઈપણની શેહ શરમમાં તણાયા સિવાય કે કોઈના દાબ દબાણને વશ થયા વગર, બીન કેફે, શુદ્ધ બુદ્ધિ થી, વાંચી, સમજી, વિચારીને અમોએ લખી આપેલ છે. અને તેમાં નીચે મુજબ અમોએ અમારી સહી કરેલ છે. જે અમોને તથા અમારા લાગતા વળગતા વિગેરે તમામને કબુલ મંજુર બંધનકર્તા છે અને રહેશે.

અમદાવાદ. તારીખ:-

અત્રે-------------------------મતુ અત્રે-------------------------શાખ

<u>લખી આપનાર</u>:- <u>સાક્ષી...</u>

(૧)------------------------ ----------------------

(ત્રિભોવનભાઈ શામજીભાઈ)

(૨)------------------------

(દમયંતીબેન ત્રિભોવનભાઈ પટેલ(નસીત))

(૩)------------------------

(સુધીર હિંમતભાઈ નસીત)

(૪)------------------------

(હર્ષ ત્રિભોવનભાઈ નસીત)

<u>કન્ફર્મીંગ પાર્ટી</u>:-

ગીરીરાજ લેન્ડ ડેવલપર્સ એ નામની ભાગીદારી

પેઢીના વતી અને તરફથી તેના વહીવટકર્તા ભાગીદારશ્રી

-------------------------- ------------------------

(હર્ષ ત્રિભોવનભાઈ નસીત)

સરનામું:- ફ્લેટ/દુકાન નં. , ગીરીરાજ એન્કલેવ, નિકોલ ગામ-રીંગ રોડ, નિકોલ ગામ, અમદાવાદ.

સ્વ પ્રમાણિત કરેલ છે.

લખી આપનાર :- (૧)..................................................

(૨)..................................................

(૩)..................................................

(૪)..................................................

લખાવી લેનાર:- ..................................................

સરનામું:- ફ્લેટ/દુકાન નં. , ગીરીરાજ એન્કલેવ, નિકોલ ગામ-રીંગ રોડ, નિકોલ ગામ, અમદાવાદ.

સ્વ પ્રમાણિત કરેલ છે.

લખી આપનાર :- (૧)............................................

(૨)............................................

(૩)............................................

(૪)............................................

લખાવી લેનાર:- ............................................

રજીસ્ટ્રેશન અધીનીયમ ની કલમ-૩૨ (અ) મુજબનુ પરિશીષ્ટ

લખી આપનાર નં-૧ :- ત્રિભોવનભાઈ શામજીભાઈ,

સહી.. ફોટો અંગુઠાની નીશાની

---------------------

લખી આપનાર નં-૨ :- દમયંતીબેન ત્રિભોવનભાઈ પટેલ(નસીત),

સહી.. ફોટો અંગુઠાની નીશાની

---------------------

લખી આપનાર નં-૩ :- સુધીર હિંમતભાઈ નસીત,

સહી.. ફોટો અંગુઠાની નીશાની

---------------------

લખી આપનાર નં-૪ :- હર્ષ ત્રિભોવનભાઈ નસીત,

સહી.. ફોટો અંગુઠાની નીશાની

---------------------

<u>કન્ફર્મીંગ પાર્ટી</u> :- ગીરીરાજ લેન્ડ ડેવલપર્સ એ નામની ભાગીદારી પેઢીના વતી અને તરફથી તેના વહીવટકર્તા ભાગીદારશ્રી હર્ષ ત્રિભોવનભાઈ નસીત,

<u>સહી..</u> <u>ફોટા</u> <u>અંગુઠાની નીશાની</u>

---------------------

<u>લખાવી લેનાર :-</u>

<u>સહી..</u> <u>ફોટો</u> <u>અંગુઠાની નીશાની</u>

---------------------